# MAS RURAL HOUSING AND MORTGAGE FINANCE LIMITED

**<u>પ્રધાનમંત્રી આવાસ યોજના – ધિરાણ આધારીત સહાય યોજના</u>**

“દરેકને માટે આવાસ”(હાઉસીંગ ફોર ઓલ) ને ભારત સરકારે પ્રાપ્ત કરવાના સૌથી મહત્વનાં ઉદ્દેશ તરીકે જાહેર કરેલ છે. ધિરાણ આધારીત સહાય યોજના (સી.એલ.એસ.એસ.) જે પ્રધાનસંત્રી આવાસ યોજનાનો ઉદ્દેશ સિદ્ધ કરવા માટેની સૌથી મહત્વની યોજનાઓમાની એક યોજના છે અને સમાજના નબળા વર્ગની  આવાસની અભિલાષા સંતોષવા માટે એક વરદાન સાબિત થઇ છે. આ યોજના હેઠળ ૬ લાખની ધિરાણની  રકમ માટે મહતમ રૂ. ૨.૨ લાખની આગોતરી નાણાકીય સહાય આપવામાં આવે છે, જેથી સમાન માસિક હપ્તાનો બોજ આ વર્ગ ઉપરથી ઘટાડી શકાય.

આ યોજનાનો અમલ પ્રાથમિક ધિરાણ સંસ્થાઓ, અનુસુચિત ધિરાણ બેંકો, ગૃહ ધિરાણ સંસ્થાઓ, પ્રાદેશિક ગ્રામીણ બેંકો અને સહકારી બેંકો દ્વારા કરાવામા ં આવી રહ્યો છે. રાષ્ટ્રીય આવાસ બેંક એ પ્રધાનમંત્રી આવાસ યોજનાના ધિરાણ આધારીત સહાય યોજનાનાં અમલીકરણ માટે ભારત સરકારનાં  આવાસ તથા શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય દ્વારા નિમાયેલ કેન્દ્રિય મધ્યવર્તી સંસ્થા છે. આ યોજના ૧૭-૦૬-૨૦૧૫ થી શરૂ કરાયેલ છે અને ૩૧-૦૩-૨૦૨૨ સુધી અમલમાં છે. ૩૦-૦૬-૨૦૧૬ નાં રોજ ૧૪૫ પ્રાથમિક ધિરાણ સંસ્થાઓ, ૬૮ ગૃહ ધિરાણ સંસ્થાઓ, ૨૫ જાહેર ક્ષેત્રની બેંક, ૯ ખાનગી બેંક, ૨૯ પ્રાદેશિક ગ્રામીણ બેંક અને ૧૪ સહકારી બેંકોએ રાષ્ટ્રીય આવાસ બેંક સાથે કેન્દ્રિય મધ્યવર્તી સંસ્થા તરીકે સમજુતી કરેલ છે.

આ યોજનાનાં અમલમાં ગુજરાત અગ્રેસર રહ્યુ છે અને રાષ્ટ્રીય આવાસ બેંકે પ્રાથમિક ધિરાણ સંસ્થાઓ દ્વારા ૨૭૦૬ લાભાર્થી કુટુંબોને રૂ. ૪૬.૩૨ કરોડની સહાય આપી છે.

રાષ્ટ્રીય આવાસ બેંક વિવિધ પ્રાથમિક ધિરાણ સંસ્થાઓને યોજના સમજવામાં અને સહાયની રકમનો દાવો કરવામાં પણ મદદરૂપ થાય છે. કાર્ય શિબિરના આયોજનનો ઉદેશ રાજ્યસ્તરની મધ્યવર્તી સંસ્થા અને પ્રાથમીક ધિરાણ સંસ્થાના અધિકારીઓના પ્રશ્નોના નિરાકરણનો અને યોજનાના સફળ અમલીકરણનો છે. અત્યારસુધી પ્રાદેશિક કાર્યશિબિરનું આયોજન ગુવાહાટી, ચૈનાઈ, બેંગલુરુ રાયપુર, ભોપાલ, હૈદરાબાદ, લખનૌ , પટના, શ્રીનગર, થિરૂવનન્થપુરમ અને રાંચીમાં કરવામાં આવેલ છે. એન.એચ.બી. દ્વારા રકમનો દાવો કરીને રાહતની રકમ મેળવવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરાવામાં આવી છે. એન.એચ.બી. દ્વારા આ માટે સોફ્ટવેર પ્રણાલી વિકસીત કરવામાં આવી છે જેનાથી દાવાનો નિકાલ અને રાહતની રકમની ચૂકવણી ઝડપી બની છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ધિરાણ આધારીત રાહત યોજનામાં ગુજરાત રાજ્યને લગતી સંક્ષિપ્ત પુસ્તિકા પ્રકાશિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.

**<u>ગૃહધિરાણની રકમ, રાહત અને વ્યાજ</u>**

- રાહતદરે ધિરાણની રકમ - મહતમ રૂપિયા ૬ લાખ સુધી
- રાહત વ્યાજ દર – ૬.૫ %
- આગોતરી રાહતની રકમ - વધુમાં વધુ રૂપિયા ૨.૨૦ લાખ
- લોનની અવધિ – ૧૫ વર્ષ
- ચૃકવણીની પધ્ધતિ – ધિરાણની રકમ ઓછી કરી હપ્તાનો ભાર ઓછો કરવા રાહતની રકમની આગોતરી ચૂકવણી

**4th Floor, Narayan Chambers, Behind Patang Hotel, Ashram Road, Ahmedabad - 380009.**
**Tel: +91-79-30016500 . Email: mrhmfl@mas.co.in**

**<u>ઋણ લેવા જરૂરી લાયકાત</u>**

- ઋણ લેનાર વ્યક્તિ આર્થિક રીતે પછાત વર્ગની (ઈ.ડબ્લ્યુ.એસ.) કે જેની કૌટુંબિક આવક રૂ. ૩ લાખ સુધીની છે અથવા નીચી આવકવાળા જુથની (એલ.આઇ.જી.) કે જેની કૌટુંબિક આવક છ લાખ સુધી હોવા જોઈએ.
- આ યોજના ફક્ત નવા જ અરજદારને મળશે જેમની ધિરાણ અરજી ૧૭-૦૬-૨૦૧૫ પછી મંજૂર થઈને ધિરાણની રકમ તેમને મળી ગઈ છે. ૧૭-૦૬-૨૦૧૫ પહેલા લીધેલ ધિરાણ આ યોજના માટે મંજૂરીને પાત્ર નથી.
- લાભાર્થી કુટુંબની કોઈપણ વ્યક્તિના નામ પર ભારતમાં ક્યાંય પણ પાકુ મકાન ન હોવું જોઈએ. કુટુંબમાં પતિ, પત્નિ અને અવિવાહિત બાળકોનો સમાવેશ કરવામાં આવે છે.
- ધિરાણ ફક્ત એવા મકાન માટે જ મળશે જે ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિસ્તારમાં હોય અત્યારે ૪૦૪૧ શહેરો આ વ્યાખ્યામાં આવે છે. મકાન આ નગરો પૈકી એકમાં હોવું જરૂરી છે.
- ધિરાણનો હેતુ મકાન લેવાનો – નવા બાંધકામનો વધારાનું બાંધકામ જેમ કે નવા ખંડનું, રસોડાનું, શૌચાલયનું નિર્માણ વગેરેનો હોવો જોઈએ. જો વર્તમાન મકાન કાચુ અથવા અર્ધ પાકુ હોય અને તેને સમારકામની જરૂર હોય તો સમારકામ મોટે ધિરાણની રકમ ઉપયોગમાં લઈ શકાય છે.
- જો ઘરનું બાંધકામ થઈ રહ્યુ હોય અથવા વિસ્તરણ થઈ રહ્યુ તો ભોંય તળિયાનું ક્ષેત્રફળ આર્થિક રીતે પછાત વર્ગ માટે (ઈ.ડ્બલ્યુ. એસ.) માટે ૩૦ મીટર અને ઓછી આવક ધરાવતા (એલ.આઈ.જી.) માટે ૬૦ મીટરથી વધુ ન હોવું જોઈએ. લાભાર્થી તેની મરજી અનુસાર નિર્ધારીત મર્યાદા કરતા વધારે વિસ્તારમાં મકાનનું બાંધકામ - વિસ્તરણ કરી શકે છે. પણ આવા કિસ્સામાં વ્યાજની રાહત પહેલા છ લાખના ખર્ચ સુધી જ મર્યાદીત રહેશે.
- કેન્દ્રિય સહાયથી મેળવેલ ઘર, ઘરના સ્ત્રીવડા અથવા પુરૂષવડા અને તેની પત્નિના નામે સંયુક્તરીતે હોવું જરૂરી છે. જો ઘરમાં પુખ્ત સ્ત્રી સભ્ય ન હોય તો મકાન પુરૂષ સભ્યના નામ પર હોય શકે છે. આ શરત ફક્ત નવી ખરીદીના કિસ્સામાં જ લાગુ પડે છે. નવા બાંધકામ, વિસ્તરણ, સમારકામના કિસ્સામાં લાગુ પડતી નથી.
- મકાનનું નિર્માણ ધિરાણની રકમની પ્રથમ ચુકવણીના (ફર્સ્ટ ડીસ્બર્સમેન્ટ) ૩૬ મહીનાની અંદર થયેલ હોવુ જોઈએ.

**4th Floor, Narayan Chambers, Behind Patang Hotel, Ashram Road, Ahmedabad - 380009.**
**Tel: +91-79-30016500 . Email: mrhmfl@mas.co.in**